# અમરોલી વિસ્તારમાં હાથમાંથી ફોન ઝુંટવીને ભાગી જનાર ઈસમ વિરુધ્ધ E-FIR દાખલ થઈ અને ગણતરીના દિવસોમાં

# ગુનો ઉકેલી મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડતી અમરોલી પોલીસ, સુરત શહેર.

સુરત શહેરના અમરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઈ તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ રાત્રીના આઠેક વાગ્યાની આસપાસ અમરોલી સાંઈ કુટીર રેસીડન્સી સામેથી ફરીયાદીશ્રીની પત્નીનો વીવો કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂ.આ.૧૦,૦૦૦/- નો ફોન હાથમાંથી ઝુંટવીને બાઈક ઉપર આવેલ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ જતા આ બાબતે ઈ-એફ.આઈ.આર. ઓનલાઈન નોંધાવેલ હતી જેની પ્રાથમિક તપાસ દરમિયાન ગુનો બનતા આ બાબતે અમરોલી પોલીસ સ્ટેશન ખાતે તા.૧૪/૦૮/૨૦૨૨ ના રોજ પાર્ટ-એ-૧૧૨૧૦૦૦૪૨૨૧૮૭૦ ઈ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

સુરત શહેર વિસ્તારમાં બનતા મોબાઈલ ચોરીના સ્નેચીંગના ગુનાઓ શોધી કાઢવા બાબતે ગુનાનો આરોપી રાજેશભાઇ ઉર્ફે રાજુ રામજીભાઇ વાવડીયા ઉવ-૩૭ ધંધો-એમ્બ્રોડરી રહે.ઘર નં.૧૨ ઓમ પાર્ક સોસાયટી, રાદડીયા સ્કુલ. આંબાતલાવડી, કતારગામ, સુરત શહેર. મુળ વતન ગામ:- દુધાળા તા.પાલીતાણા જી.ભાવનગર નાઓને અમરોલી પોલીસ સ્ટેશનના મોબાઈલ સ્નેચીંગના ગુનાનો ભેદ ઉકેલી આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરેલ છે

મળી આવેલ મુદ્દામાલ - ઓપ્પો કંપનીનો બ્લ્યુ કલરનો મોબાઈલ ફોન નંગ-૦૧, જેનો IMEI NO.:- 866052058009519 નો કિ.રૂ.આ.૧૦,૦૦૦/- ની મત્તાનો તથા ગુનામાં ઉપયોગમાં લેવાયેલ મો.સા. GJ-05-PA-3730 કિ.રૂ.આ.૨૫૦૦૦/-.